**પ્રશ્નઃ** આવી રીતે પીવીસી એ એચ.ઓ.ડી.ની નિમણૂક અગાઉ કરી હતી ?

**ઉત્તરઃ** નોટિસની જરૂર છે.

**શ્રી સંજયભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૬.** સદર પ્રકરણમાં યુનિવર્સિટીએ નિમેલ તપાસ સમિતિએ કોને કોને જવાબદાર ઠેરવ્યા છે ?
**(સંદર્ભ : પ્રશ્ન ક્રમાંક : (૧))**

**ઉત્તર : ૬.** સદર પ્રકરણમાં સમિતિની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી સંજયભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** માર્કસ કૌભાંડ તપાસ સમિતિની વાત કરીએ તો કોને જવાબદાર ઠેરવ્યા છે ?

**ઉત્તરઃ** શ્રી અરૂણભાઈ મિસ્ત્રી અને શ્રી વિમલભાઈ જરીવાલાને.

**ડૉ. વિપીનભાઈ ડી. નાયકે નીચેના પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** શ્રી વિમલભાઈ જરીવાલાને પોલીસે ધરપકડ કરી છે પણ શ્રી અરૂણભાઈ મિસ્ત્રીને કેમ નહીં ?

**ઉત્તરઃ** પોલીસની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી નૈમેશભાઈ ઝવેરીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૭.** Any Facility or provision for funding in case of organizing Seminar/ Workshop or pursuing research at university level for (Self Finance Institute) teachers.

**ઉત્તર : ૭.** નાજી.

**શ્રી નૈમેશભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સેમિનાર અને વર્કશોપ યોજવા કોઈ ફંડ ઉભું થઈ શકે ?

**ઉત્તરઃ** સેલ્ફ ફાઈનાન્સ માટે યુનિવર્સિટી ફંડ મળી શકે નહીં. એ.આઈ.સી.ટી.ઈ. આવી સંસ્થાઓને ઘણા પ્રકારની ગ્રાન્ટ આપે છે.

**શ્રી કિશોરભાઈ આર. વાઘેલા એ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૮.** યુનિવર્સિટી હોસ્ટેલની કુલ સંખ્યા કેટલી અને નીચેની વિગતો આપો.

(એ) ગર્લ્સ/ બોઈઝ હોસ્ટેલની સંખ્યા અને કેપેસીટી કેટલી ?
(બી) હાલમાં કેટલી વિદ્યાર્થીનીઓ/ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં નિવાસ કરે છે ?
(સી) તેમની ફી નું માળખું શું ?
(ડી) કુલ વિદ્યાર્થીની/ વિદ્યાર્થી માંથી સેલ્ફ ફાઈનાન્સના કેટલા ?
(ઈ) કુલ હોસ્ટેલમાંથી ગ્રાંન્ટમાં ચાલતી કેટલી ? અને સેલ્ફ ફાઈનાન્સમાં ચાલતી કેટલી ?

**ઉત્તર : ૮.** યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ કુલ ગર્લ્સ હોસ્ટેલ ૩ (ત્રણ) છે. અને ચોથી હોસ્ટેલ બની ગઈ છે. નવા શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯નાં પ્રથમ સત્રથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

(એ) ગર્લ્સ હોસ્ટેલની સંખ્યા કુલ ૩ (ત્રણ) છે.

| **હોસ્ટેલ** | **કેપેસીટી** |
|---|---|
| લેડિઝ હોસ્ટેલ–૧ | ૬૦ વિદ્યાર્થીનીઓ |
| લેડિઝ હોસ્ટેલ–૨ | ૪૮ વિદ્યાર્થીનીઓ |
| લેડિઝ હોસ્ટેલ–૩ | ૭૫ વિદ્યાર્થીનીઓ |

– બોઈઝ હોસ્ટેલની સંખ્યા ૬ અને કેપેસીટી – ૨૯૬.

(બી) હાલમાં હોસ્ટેલમાં કુલ ૩૨૦ જેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. જેમાં, ૧૮૫ વિદ્યાર્થીનીઓ હોસ્ટેલ ૧,૨,૩ માં અને બાકીની ૧૩૫ વિદ્યાર્થીનીઓની વહેંચણી નીચે મુજબ કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| લેકચરર્સ કવાર્ટર બી–૨૫ થી બી–૩૨ કુલ આઠ ફલેટમાં | | ૦૮૦ જેટલી વિદ્યાર્થીનીઓ |
| પ્રો. બંગલા નં.–એ–૨, માં ૧૫ અને એ–૬, માં ૧૫ મળીને | | ૦૩૦ જેટલા વિદ્યાર્થીનીઓ |
| બી–૧૧ લેકચરર્સ કવાર્ટરમાં કુલ વિદ્યાર્થીનીઓ મળીને | | ૦૧૫ જેટલી વિદ્યાર્થીનીઓ |
| **કુલ વિદ્યાર્થીનીઓ :** | = | ૧૩૫ |

– હાલમાં ૨૯૬ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં નિવાસ કરે છે.

(સી) વિદ્યાર્થીનીઓનું હોસ્ટેલ ફી નું માળખુ નીચે મુજબ છે.

| | પ્રથમ સત્ર |
|---|---|
| ૧. હોસ્ટેલ ફી | રૂ. ૩૨૫/– |
| ૨. ઈલેકટ્રીક ચાર્જ | રૂ. ૨૨૫/– |
| ૩. પોટ શેર ફી | રૂ. ૧૫૦/– |
| ૪. સ્પોર્ટસ કલ્ચર ફી | રૂ. ૧૦૦/– |
| ૫. કોશન મની | રૂ. ૦૫૦/– |
| ૬. હોસ્ટેલ ડિપોઝીટ | રૂ. ૪૦૦/– |

કુલ રૂા.૧૨૫૦/– પ્રથમ સત્રનાં અને ૮૦૦/– રૂા. બીજા સત્રના લેવામાં આવે છે

– વિદ્યાર્થીઓની ફી ટર્મ દીઠ રૂા. ૮૦૦/–

(ડી) કુલ ૩૨૦ વિદ્યાર્થીનીઓમાંથી સેલ્ફ ફાઈનાન્સની વિદ્યાર્થીનીઓ ૮૨ જેટલી છે.

– વિદ્યાર્થીઓના હોસ્ટેલ વોર્ડન પાસે એવી માહિતી હોતી નથી કે કયા વિદ્યાર્થી સેલ્ફ ફાયનાન્સમાંથી આવે છે અને કયા વિદ્યાર્થી ગ્રાન્ટ–ઈન–એઈડ્ વિભાગમાંથી આવે છે. કારણકે ફોર્મમાં (હોસ્ટેલ એડ્મીશન) એવો કોઈ વિગત હોતી નથી.

(ઈ) ર્ગલ્સ હોસ્ટેલ ગ્રાન્ટ, હોસ્ટેલ ફંડના સહયોગથી ચાલે છે.

– વિદ્યાર્થીઓ માટેની બધી હોસ્ટેલ ગ્રાન્ટથી જ ચાલે છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેના પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:૧** હોસ્ટેલમાં મેસની વ્યવસ્થા કરવામાં આવી છે ?

**ઉત્તર:૧** મેસ માટે કોન્ટ્રાકટ પ્રથા છે. જેન્ટસ અને લેડીઝ હોસ્ટેલમાં અલગ અલગ છે.

**પ્રશ્ન:૨** પ્રશ્નોનો નિકાલ કઈ રીતે કરવામાં આવે છે ? ફરીયાદો આવે છે ? કયા કયા પ્રકારની ?

**ઉત્તર:૨** સવારે કે કોઈ વાર રાત્રે રાઉન્ડમાં નીકળું છું. ત્યારે હોસ્ટેલના વિદ્યાર્થીઓ મળે છે. ત્યારે તેઓ પ્રશ્નો રજૂ કરે છે અને તરત જ એનો નિકાલ કરું છું. અથવા તો બીજે દિવસે ઓફિસમાં આવીને ઘટતી કાર્યવાહી કરવાની સુચના આપુ છું.

**પ્રશ્ન:૩** ઉત્તર–૮ (બી) માં જે વિગત આપી છે તેમાં લેકચરર્સ કવાર્ટર ફાળવી દીધા છે. રજીસ્ટ્રાર કવાર્ટર છે તેમાં પણ વિદ્યાર્થીઓ રહે છે ?

**ઉત્તર:૩** હાજી, હોસ્ટેલમાં રહેનારાની સંખ્યા વધવાથી આનો ઉપયોગ કર્યો છે.

**પ્રશ્ન:૪** નવીન હોસ્ટેલોનું આયોજન છે ? એસ.એફ.વિદ્યાર્થી માટે અલગ જગ્યા છે.

**ઉત્તર:૪** હાજી, બે નવી હોસ્ટેલો તૈયાર થઈ ગઈ છે. નાજી, એવી કોઈ જગ્યા અલગ રખાતી નથી.

**ડૉ. કેતન સી. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૯.** યુ. જી. સી. ના નિયમ પ્રમાણે થીયરી અને પ્રેકટીકલના વર્કલોડની વહેંચણી યુ. જી. અને પી. જી. માં કેવી રીતે ગણી શકાય ?

**ઉત્તર : ૯.** અનુસ્નાતક (પી.જી.) અભ્યાસક્રમમાં યુ.જી.સી. અને રાજય સરકારશ્રીના વખતો વખતના આદેશો મુજબ વર્કલોડ ગણતરીમાં લેવાય છે.

**ડૉ. કેતન સી. દેસાઈએ નીચેના પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** થીયરી અને પ્રેકટીકલના વર્કલોડ કેવી રીતે ગણી શકાય તેની માહિતીની જરૂર હતી.

**ઉત્તરઃ** સરકારશ્રીના અને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે જ કાર્યવાહી કરવામાં આવે છે. કોલેજોને પણ પરિપત્રો મોકલવામાં આવે છે. વધુ વિગતો ઓફિસમાંથી મળી રહેશે.

**શ્રી સંજયભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૦.** સદર પ્રકરણમાં યુનિવર્સિટી દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે કે, કેમ ? જો " ના" હોય, તો જવાબદારો સામે કેસ દાખલ કરવા માંગે છે કે કેમ ?

**(સંદર્ભ : પ્રશ્ન ક્રમાંક : (૧))**

**ઉત્તર : ૧૦.** હાજી.

**શ્રી હોશંગભાઈ જહાંગીરજી મીરજાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ** આજની સેનેટની સભામાં માર્કસ કૌભાંડની સી.બી.આઈ. તપાસ આપશે કે કેમ ?

**ઉત્તરઃ** આ અંગેની રજૂઆત આવશે તો ઘટતું કરવા માટે સિન્ડિકેટ અથવા અન્ય એપ્રોપ્રિએટ બોડીમાં બાબત નિર્ણય માટે મુકવામાં આવશે.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ** જે વિદ્યાર્થીઓ આ બાબતે કસુરવાર થશે તેનો પોલીસ કેસ બાબતે શું ? પોલીસ કેસ કર્યો છે કે અને ના કર્યો હોય તો હજી સુધી કેમ નહી ?

**ઉત્તરઃ** નાજી, નોટિસની જરૂર છે.

**શ્રી ગૌરાંગભાઈ વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ માટે એડવોકેટની નિમણૂક કરવામાં આવી હતી કે કેમ ?

**ઉત્તરઃ** નોટિસની જરૂર છે.

**શ્રી નૈમેશભાઈ ઝવેરીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૧.** Any steps taken by university for Acute shortage of Faculty Members in Government Engineering Colleges.

**ઉત્તર : ૧૧.** ગવર્નમેન્ટ એન્જિનીયરીંગ કોલેજના આચાર્યોએ કરેલ રજૂઆતના સંદર્ભમાં સંયુકત ટેકનીકલ શૈક્ષણિક નિયામકશ્રી, ગાંધીનગરને અને આચાર્યશ્રી, એસ એન્ડ એસ ગાંધી એન્જિનીયરીંગ કોલેજ, સુરતને સંબોધીને તા. ૧૯–૩–૨૦૦૭ના રોજ એક પત્ર લખવામાં આવ્યો હતો, નકલ ટેબલ પર રજૂ કરવામાં આવેલ હતી.

**શ્રી નૈમેશભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સ્ટાફની અછત માટે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં ?

**ઉત્તરઃ** ત્રણેય ફેકલ્ટીના રીપોર્ટ આવી ગયાં છે. ફેકલ્ટી તથા લેબ ઈન્ચાર્જની શોર્ટેજ મોટા પ્રમાણમાં છે. ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન, ગાંધીનગરને તથા સુરતની એન્જિનીયરીંગ કોલેજને યુનિવર્સિટીએ આ બાબતે પત્ર લખ્યો છે. ઘટતી કાર્યવાહી તાકીદે કરવા વિનંતી કરી છે.

**ડૉ. શશિકાંતભાઈ જી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સરકાર સંચાલિત માન્ય કોલેજોમાં સ્થાનિક તપાસસમિતિ ગંભીર લખાણો કરે છે. સ્ટાફ, સુવિધા, ફુલ–ટાઈમ પ્રિન્સિપાલ, અપૂરતાં અઘ્યાપક ગણ વિગેરે માટે આ ત્રણેય કોલેજોમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલથી ચાલે છે. શરમજનક બાબત છે.

**ઉત્તરઃ** પ્રો. એ.યુ.પટેલ કમિટિના રીપોર્ટમાં આ બાબતો છે. આપણે સરકારશ્રીને લખાણ કરેલ છે. હજી જવાબ આવ્યો નથી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ** આવો કોઈ ઠરાવ સિન્ડિકેટમાં થયો છે. તાત્કાલિક ધોરણે, પ્રિન્સિપાલ કે અઘ્યાપકોની નિમણૂક કરવા કોઈ સ્પષ્ટ ઠરાવ થયો છે ?

**ઉત્તરઃ** નાજી, કોઈ ઠરાવ થયો નથી.

આ તબકકે સ્ટેટયૂટ(૩૬)(૧) ની જોગવાઈ અન્વયે પ્રશ્નોત્તરી માટેનો એક કલાકનો સમય પૂરો થતાં નીચેના પ્રશ્નો (૧૨ થી ૨૪) વિચારણામાં લઈ શકાયા ન હતા.

**ડૉ. કેતન સી. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૨.** સરકારશ્રીના પી. એચડી. ના અગ્રીમ ઈજાફા અને રીકવરી બાબતના પરિપત્ર સંદર્ભમાં સિન્ડિકેટે કરેલ ઠરાવ બાદ ઇજાફા અપાય છે ? તથા રીકવરી અટકાવવામાં આવી છે ?

**ઉત્તર : ૧૨.** નાજી, ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક પગર : ૧૦૨૦૦૦/ વ/ ય/, તા. ૨૬/ ૪/ ૨૦૦૦થી ઈજાફો બંધ કરવામાં આવેલ છે.

**શ્રી સંજયભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૩.** તાજેતરમાં મેથેમેટીકસ ડીપાર્ટમેન્ટના વિભાગીય વડાની થયેલ નિમણૂકમાં સ્ટેટયૂટ–૨૯૩નું સંપૂર્ણપણે પાલન થયું છે. કે કેમ ?

**ઉત્તર : ૧૩.** હાલ આ બાબત ગુજરાત રાજય યુનિવર્સિટીઝ ટ્રીબ્યુનલમાં બાબત પડતર હોય સબજયુડીશીયલ બાબતમાં માહિતી આપી શકાય નહિ.

**ડૉ. કેતન સી. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૪.** જેમ યુનિવર્સિટીમાંથી અઘ્યાપક રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કોન્ફરન્સ, સેમીનાર વિગેરેમાં ભાગ લે છે, તેમને યુનિવર્સિટી ટી. એ., ડી. એ. તથા રજા આપે છે. તો કોલેજોના અઘ્યાપકોને યુનિવર્સિટી કે બીજી કોઈ રીતે આવો લાભ મળી શકે ?

**ઉત્તર : ૧૪.** યુનિવર્સિટીના અઘ્યાપકો રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કોન્ફરન્સ/ સેમીનાર વિગેરેમાં ભાગ લે છે. જે અંગેની ગ્રાંટ યુ.જી.સી., ન્યુ દિલ્હી તરફથી મળેલ (અનએસાઈન્ટમેન્ટ ગ્રાંટ ફકત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટોના અઘ્યાપકોને માટે જ મળે છે. જેથી કોલેજ અઘ્યાપકોને આવા લાભ મળી શકે નહીં. જે કોલેજોનો **2f 12B**માં **UGC** દ્વારા સમાવેશ કરવામાં આવ્યો હોય તેને **UGC** દ્વારા અલગથી જરૂરી અનુદાન આપવામાં આવે છે.

**શ્રી સંજયભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૫.** ઉપરોકત પ્રશ્ન–૧ માં જણાવેલ નિમણૂકમાં **(A)** કુલપતિશ્રીને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા કે કેમ ? **(B)** સિન્ડિકેટને વિશ્વાસમાં લીધેલ હતી કે કેમ ?

**ઉત્તર : ૧૫.** ઉત્તર : ૧૩ જોવા વિનંતી.

**ડૉ. કેતન સી. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૬.** રીસર્ચ, સેમીનાર, વર્કશોપ કે કોન્ફરન્સના આયોજન માટે યુનિવર્સિટી કઈ રીતે મદદ કરી શકે ?

**ઉત્તર : ૧૬.** યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો માટે તથા તેના શિક્ષકોને રીસર્ચ, સેમીનાર, વર્કશોપ કે કોન્ફરન્સના આયોજન માટે તેઓની જરૂરીયાત અવલોકનમાં લઈ માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર જરૂર પડયે સિન્ડિકેટની મંજૂરી મેળવી યુનિવર્સિટી મદદ કરે છે.

**શ્રી સંજયભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટીસ આપી છે.**

**પ્રશ્ન : ૧૭.** વિભાગીય વડાની નિમણૂકનો અધિકાર સિન્ડિકેટનો હોય તો સદર કિસ્સામાં સિન્ડિકેટના હકક પર તરાપ મારવામાં આવી હતી કે કેમ ?

**ઉત્તર : ૧૭.** હાલ આ બાબત ગુજરાત રાજ્ય યુનિવર્સિટીઝ ટ્રીબ્યુનલમાં બાબત પડતર હોય સબજયુડીશીયલ બાબતમાં માહિતી આપી શકાય નહિ.

**ડૉ. કેતન સી. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટીસ આપી છે : ( ૧૮ થી ૨૪ )**

**પ્રશ્ન : ૧૮.** જે વિદ્યાર્થી પ્રેકટીકલ પરીક્ષામાં પાસ હોય, અને થીયરીમાં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓને પ્રેકટીકલ પરીક્ષામાંથી સંપુર્ણપણે મુકિત આપવી. આ રીતની અગાઉ મેં આપને કરેલ અરજી અંગે આપનો શું નિર્ણય છે ?

**ઉત્તર : ૧૮.** એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૭–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, વિદ્યાર્થી પરીક્ષામાં બેસે અને નાપાસ થાય તેવા વિદ્યાર્થીઓને જે તે વિષયનાં પ્રેકટીકલમાં પાસ થાય અને ૪૪ % કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરે તેવા વિદ્યાર્થીઓને પ્રેકટીકલની પરીક્ષામાં મુકિત **(Exemption)** આપવા ઠરાવેલ છે.

**પ્રશ્ન : ૧૯.** પરીક્ષક અને ચેરમેનોની એપોઈન્ટમેન્ટ પોઈન્ટ સીસ્ટમને આધારે થાય છે ?

**ઉત્તર : ૧૯.** હાજી.

**પ્રશ્ન : ૨૦.** સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં પી. એફ., સી. પી. એફ. લાગુ પાડવામાં આવેલ છે કે કેમ ?

**ઉત્તર : ૨૦.** હાજી.

**પ્રશ્ન : ૨૧.** સેલ્ફ ફાયનાન્સ અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાં શિક્ષકોની ભરતીમાં પીએચ.ડી., નેટ, સ્લેટ માટે પાંચ વર્ષની મુકિતનો ઠરાવ સિન્ડિકેટે કરેલો છે. જે મુજબ નવી એપોઈન્ટમેન્ટ પાંચ વર્ષની વચ્ચે કરવી નહી તેનો અમલ કોલેજો પાસે કરાવાય છે કે નહી ?

**ઉત્તર : ૨૧.** હાજી, નિમણુંક થયેથી પાંચ વર્ષની વચ્ચે નિમણૂંક કરવાની રહેતી નથી તે જગા ખાલી ન પડે ત્યાં સુધી.

**પ્રશ્ન : ૨૨.** એન્જિનીયરીંગ, મેડીકલ પ્રવેશની પ્રક્રિયા વહેલી શરૂ ન થઈ શકે ?

**ઉત્તર : ૨૨.** હાજી.

**પ્રશ્ન : ૨૩.** અધ્યાપકોની કમીને કારણે અમુક કોલેજોમાં ડીપાર્ટમેન્ટ બંધ કરવા પડે તેવી સ્થિતિના નિરાકરણ માટે શું થઈ શકે ?

**ઉત્તર : ૨૩.** **Statute 36 : (2) (i) (c)** મુજબ જવાબ આપવાનો થતો નથી.

**પ્રશ્ન : ૨૪.** યુ. જી. સી. ના પરિપત્ર પ્રમાણે સાયન્સ ફેકલ્ટીમાં પ્રેકટીકલ બેચ ૧૫ વિદ્યાર્થીઓનો રાખવા અંગે કોઈ પરિપત્ર કોલેજોમાં મોકલવામાં આવ્યો છે ?

**ઉત્તર : ૨૪.** નાજી.

**(૩) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ–૫૧ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૦૬–૨૦૦૭ ના વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.**

" સિન્ડિકેટ તરફથી ડૉ. શશિકાતંભાઈ જી. શાહએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ ટેકો આપ્યો હતો."

" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ હેઠળ અને સ્ટેટયૂટ : ૯૮ અન્વયે, સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલ ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ 18 (1) ની પેટા કલમ – (xi) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

**(૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ અન્વયે, સિન્ડિકેટ તૈયાર કરેલ અને કલમ –૫૦ (૪) અન્વયે, રજૂ કરેલ યુનિવર્સિટીનું સનેઃ ૨૦૦૭–૨૦૦૮નું સુધારેલ અંદાજપત્ર તથા સનેઃ ૨૦૦૮–૨૦૦૯ નું અંદાજપત્ર.**

" સિન્ડિકેટ તરફથી શ્રી હેમંતભાઈ જેઠાલાલ ટોપીવાળાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ. વિપુલભાઈ સોમાણીએ ટેકો આપ્યો હતો. "

" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – 18 (1) ની પેટા કલમ – (xi) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સનેઃ ૨૦૦૭–૨૦૦૮નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૮–૨૦૦૯ના અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અંદાજપત્રો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

**(૫) સ્ટેટયૂટ–૧૯૯ અન્વયે સને ૨૦૦૬–૦૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ.**

**" સેનેટની આ સભા સને ૨૦૦૬–૦૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના ઉપરોકત અહેવાલ પર વિચારણા કરવા બાબત.**

" ચર્ચા વિચારણાને અંતે સને ૨૦૦૬–૨૦૦૭ના વર્ષનો યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ **પરિશિષ્ટઃ 'ક'** હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે."

**(પરિશિષ્ટઃ 'ક' )**

**(૬)** યુનિવર્સિટી સંલગ્ન સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, સુરત માટે રાજય સરકારનાં શિક્ષણ વિભાગના તા. ૪–૩–૨૦૦૬ ના પત્ર નં. દગજ–૧૫૨૦૦૦–૫૮૯–ભાગ.૩–ખ.૧ નો સ્વીકાર કરતાં સદર સંસ્થાએ વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬ નાં પ્રથમ વર્ષના શરતી જોડાણ અંગે આપેલ બાંહેધરી પત્રક મુજબની શરતોની પૂર્તતા સમયસર પૂર્ણ કરેલ ન હોય તથા આ સંદર્ભ શિક્ષણ વિભાગે તા. ૩૦–૧–૨૦૦૬ નાં પત્રથી સંસ્થાએ આપેલ બાંહેધરીપત્રના ઉલ્લંઘન તેમજ તે અંગે સંસ્થા સામે નિયમાનુસાર પગલા શા માટે ન ભરવા તે પ્રકારનો ખુલીસો માંગવા છતાં તેમણે ખુલાસાની પૂર્તતા ન કરેલ હોય, કોલેજનું જોડાણ શા માટે પાછું ન ખેચી લેવું તે માટેના કારણો લેખિતમાં યુનિવર્સિટી અધિનિયમની કલમ–૩૯ મુજબ પ્રસ્તુત નોટિસ મળ્યાની તારીખથી પંદર દિવસમાં યુનિવર્સિટીને મોકલવાનું અત્રેના તા. ૧૫–૭–૨૦૦૬નાં પત્રથી જણાવતા સદરહું સંસ્થાનાં ઈ.ચા. આચાર્યશ્રીએ તેમના તા.૨૮–૭–૨૦૦૬ ના પત્રાંકઃ સીડીપીસીએચએમ/ ૩/ ૨૦૦૬–૨૦૦૭/ ૩૫૩થી મોકલેલ ખુલાસાને યુનિવર્સિટી અધિનિયમની કલમ–૩૯(૪) હેઠળ સિન્ડિકેટ સભાના, તા.૪–૧–૨૦૦૭ની ઠરાવ ક્રમાકઃ (૯) ઉપર વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે :

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારના શિક્ષણ વિભાગના તા.૪–૩–૨૦૦૬ના પત્ર નં. દગજ–૧૫૨૦૦૦–૫૮૯–ભાગ.૩–ખ.૧ પ્રમાણે યુનિવર્સિટી સિન્ડિકેટે રાજય સરકારના આદેશ અનુસાર યુનિવર્સિટીની કલમ ૩૯ હેઠળ પગલા ભરવા સંસ્થાને નોટીસ આપેલ હતી તે સંદર્ભે સંસ્થાનો તા. ૨૮–૭–૨૦૦૬ના પત્ર નં. સીડીપીસીએચએમ/ ૩/ ૨૦૦૬–૦૭/ ૩૫૩ ખુલાસો ધ્યાને લેતાં આ ખુલાસો ન સ્વીકારતાં તેમની સામે જોડાણ પાછું ખેંચવાની કાર્યવાહી અંતર્ગત ચાલતી કાર્યવાહીને મંજૂર રાખી આગામી એકેડેમીક કાઉન્સિલ સમક્ષ કલમ ૩૯ (૪) અંતર્ગત વિચારણા માટે મૂકવી.

સિન્ડિકેટનાં ઉપરોકત ભલામણ પર યુનિવર્સિટી અધિનિયમની કલમ – ૩૯ (૪) હેઠળ એકેડેમિક કાઉન્સિલે, તેની તા. ૧૩/૩ /૨૦૦૭ની સભામાં બાબત ક્રમાંક : (૯૧) અન્વયે વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે :

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૩–૨૦૦૭ સભાનો ઠરાવ ક્રમાંક : (૯૧)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૪–૧–૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંકઃ (૯) મંજૂર કરવી અને એકટ ૩૯ (૪)ની જોગવાઈ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવી.

સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલનાં ઉપરોકત ઠરાવ પર યુનિવર્સિટી અધિનિયમની કલમ– ૩૯ (૪) ની જોગવાઈ હેઠળ જોડાણ પાછું ખેંચી લેવાની આગળની કાર્યવાહીનાં ભાગરૂપે વિચારણા કરવા બાબત.

:: ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા માટે મૂકવા અંગે

ઠરાવવામાં આવ્યું હતું.

**(૭)** યુનિવર્સિટી વિસ્તારના હાલના જીલ્લાઓનું વિભાજન થવાથી નર્મદા જીલ્લાઓ અને નવસારી જીલ્લો અસ્તીત્વમાં આવતા સિન્ડીકેટની તા. ૪–૧–૨૦૦૭ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૧૦(દશ) અન્વયે યુનિવર્સિટી **Act 2(16) SCHEDULE (Act Page No. 58) Act 16(1) Class II Ordinary Members (A) (iv)(c)** મુજબ યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીના મતદાર વિભાગ માટે લાગુ પડતો **Statute 12 (A)** નીચે મુજબ વંચાય તે મુજબ સેનેટને ભલામણ કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

**Act 2(16) Schedule**

| | | | |
|---|---|---|---|
| 1. | Surat District | 4. | Dangs District |
| 2. | Bulsar District | 5. | Narmada District |
| 3. | Broach District | 6. | Navsari District |

**Statute 12 (A)**

Under Section 16(1) Class II (A) (iv)(c) one of the president of the District Panchayats functioning in the University area shall be a member of the senate by rotation in the following order with effect from 23-5-1967:

1. President, District Panchayat, Broach.
2. President, District Panchayat, Bulsar.
3. President, District Panchayat, Surat.
4. President, District Panchayat, Dangs.
5. President, District Panchayat, Narmada.
6. President, District Panchayat, Navsari.

(નોંધ: સુરત જીલ્લામાંથી હાલમાં અલગ થયેલ તાપી જીલ્લાને **Statute 12 (A)** ના ક્રમાંક **7** થી સમાવેશ કરીએ કે કેમ ?)

" પ્રસ્તુત બાબત શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ દેસાઈએ દ્વારા રજૂ **(Move)** કરેલ હતી અને તેને શ્રી દીપકભાઈ આફ્રિકાવાલાએ ટેકો આપ્યો હતો. "

:: ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા માટે મૂકવા અંગે ઠરાવવામાં આવ્યું હતું.

**(૮)** હાલનાં સ્ટેટયૂટ–૨૨૯માં સિન્ડિકેટની તા. ૦૬–૦૨–૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ (૪૫) થી આ સાથે બિડાણ (૧) મુજબની ડિગ્રી આમેજ કરવાની હોય અને તે આમેજ કરતા સ્ટેટયૂટ–૨૨૯ બિડાણ (૨) મુજબ તૈયાર કરેલ હોય જે મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

" સિન્ડિકેટ તરફથી શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ. શ્રી યોગેશભાઈ એલ. ભટ્ટ અને આ. ડૉ. વિજયકુમાર અનંતરાય જોશી એ ટેકો આપ્યો હતો. "

ચર્ચા વિચારણાને અંતે સ્ટેટયૂટ–૨૨૯ **પરિશિષ્ટ : ' ખ '** માં આપ્યા મુજબ સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવી હતી.

**(પરિશિષ્ટ: " ખ")**

**(૯)** સ્ટેટયૂટ–૧૦૬ અને સ્ટેટયૂટ–૧૨૦ ની અંદર ફેકલ્ટી ઓફ ફાર્મસી આમેજ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૩–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨) અન્વયે, સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૦–૪–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૮)થી સ્વીકારી સેનેટને તે મંજૂર કરવા કરેલ ભલામણ અન્વયે પ્રસ્તુત સૂચિત સુધારેલ સ્ટેટયૂટ–૧૦૬ અને સ્ટેટયૂટ–૧૨૦ નો આ સાથે સામેલ છે.

તેમજ સ્ટેટયૂટ–૨૨૯ માં ફાર્મસી વિદ્યાશાખા આમેજ કરવા તેમજ ફાર્મસી વિદ્યાશાખા હેઠળની પદવી આ સાથે સામેલ સુધારેલા પાઠ પ્રમાણે વંચાય તે રીતે કરવા કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી અને સિન્ડિકેટ વતી મા. કુલપતિશ્રીએ સ્વીકારી તે સુધારેલો પાઠ મંજૂર કરવા સેનેટની સભા સમક્ષ રજૂ કરવો.

ઉપરોત બંને પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ આ.શ્રી એન.બી. મહિડાએ રજૂ **(Move)** કરેલ હતો.

:: ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા માટે મૂકવા અંગે ઠરાવવામાં આવ્યું હતું.

**(૧૦)** યુનિવર્સિટી અંગ્રેજી વિભાગ હસ્તક ચાલતા **Journalism & Mass Communication** ના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ– **"Department of Journalism & Mass Communication"** સ્ટેટયૂટ – ૨૯૧ (૨૨) પ્રમાણેનું સ્ટેટસ આપવા માટે બી.યુ.ટી/ એકેડેમિક કાઉન્સિલની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૭–૫–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૫ અન્વયે સૈધ્ધાતિંક સ્વીકારવામાં આવ્યો છે. પ્રસ્તુત વિભાગને સ્વતંત્ર ડિપાર્ટમેન્ટનું સ્ટેટસ આપવા સ્ટેટયુટરી પ્રોવિઝન કરવા અંગે વિનયન વિદ્યાશાખાની તા. ૦૩–૦૩–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક–૮ અન્વયે કરેલી નીચેની ભલામણ પર સિન્ડિકેટની તા. ૩૦–૦૫–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : (૯) અંગે વિચારણા કરવા બાબત.

**વિનયન વિદ્યાશાખાની તા. ૦૩–૦૩–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક – ૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, **"Department of Journalism & Mass Communication"** નું સ્વતંત્ર સ્ટેટસ આપવા સ્ટેટયુટરી જોગવાઈ કરવા સિન્ડિકેટમાં મંજૂર કરી સેનેટ સમક્ષ રજૂ કરવું.

**સિન્ડિકેટની તા. ૩૦–૦૫–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક – ૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાની તા. ૦૩–૦૩–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : (૮) નો સ્વીકાર કરી આગામી સેનેટ સમક્ષ રજૂ કરવો.

" ડૉ. કિરણભાઈ પંડયાએ ઉપરોકત પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ.શ્રી ભાનુશંકર એન. જોષીએ ટેકો આપ્યો હતો. "

ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયૂટ–૨૯૧ (૨૨) **પરિશિષ્ટ:' ગ '** માં આપ્યા મુજબ સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવી હતી.

**(પરિશિષ્ટ: " ગ")**

**(૧૧)** યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ગ્રંથપાલની નિમણૂંકને ઓર્ડિનન્સ – ૮૮ હેઠળ માન્યતા આપવી કે તેમનું રાજીનામું યુનિવર્સિટીના કુલસચિવશ્રી સમક્ષ આપવા અંગે એકેડેમિક કાઉન્સિલ તા. ૭/૧/ ૨૦૦૮ની ભલામણ ક્રમાંક : ૦૪ થી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે સિન્ડિકેટે તેની તા. ૬/૨/૨૦૦૮ની ભલામણ ક્રમાંક : (૧૩) થી સેનેટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

:: ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા માટે મૂકવા અંગે ઠરાવવામાં આવ્યું હતું.

**શ્રી ગોરાંગભાઈ વૈદ્યે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :**

**(૧૨)** " સ્ટેટયૂટ ૨૦ મુજબ યુનિવર્સિટીની કાયદેસરની ભાષા ગુજરાતી છે. ત્યારે યુનિવર્સિટીનો એકટ–સ્ટેટયૂટ અને ઓર્ડિનન્સની ગુજરાતી કોપી પ્રસિધ્ધ કરવાનું ઠરાવે છે.

:: ઉપરોકત પ્રસ્તાવને આ. ડૉ. કે.એન. ચાવડાએ ટેકો આપ્યો હતો.

પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લીધી.

**શ્રી પ્રતેશભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :**

**(૧૩)** જે અધ્યાપકોના સંતાનો ધોરણ ૧૦ કે ધોરણ ૧૨ની પરીક્ષામાં આપતા હોય તો તેઓની પરીક્ષા દરમિયાન તે અધ્યાપક ઈચ્છેતો યુનિવર્સિટી ની પરીક્ષાની કામગીરીમાંથી મુકતી આપવી.

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી પ્રતેશભાઈ શાહે પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૧૪)** સિન્ડિકેટની મીટીગ માં પાસ થયેલ ઠરાવ ગ્રંથપાલો ને **Teaching** માં ગણવી એ આવકાર્ય છે. સાથે યુનિવર્સિટી સ્ટેટયુટ માં સુધારો કરી ઓર્ડિનન્સ બદલી પાસ કરાવવા માટે સરકારશ્રીમાં રજૂ કરવા વિનંતી છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી કેતનભાઈ સી. દેસાઈએ પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી પ્રતેશભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૧૫)** એમ. એસસી. માં આવતા વિદ્યાર્થીઓની ગુણવત્તા જળવાય તે હેતુથી પ્રવેશ યાદી તૈયાર કરતી વખતે થિયરીના માર્કસ પર વધારે ઘ્યાન આપવું.

ટી. વાય. બી. એસસી.માં મેળવેલ પ્રેકટીકલના ૫૦ % માર્કસ મેરીટ યાદી બનાવતી વખતે ઘ્યાનમાં લેવા. તથા થિયરીમાં ઓછામાં ઓછા ૫૫ % માર્કસ મેળવનારને એમ. એસસી.માં પ્રવેશ મેળવવા પાત્ર ગણવો. (જેથી ટી. વાય. બી. એસસી.ની પ્રેકટીકલ પરીક્ષા દરમિયાન સંભવિત દુષણો કે ગેરરીતી મહદઅંશે કાબુમાં લઈ શકાય. )

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી પ્રતેશભાઈ શાહે પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૧૬)** જયારે સરપ્લસનો પ્રશ્ન ઉદભવે ત્યારે જે અઘ્યાપકને સરપ્લસ કરવાનો હોય ત્યારે તેના સંપૂર્ણ વર્કલોડની ગણતરી સરકારના પરિપત્ર, યુજીસીના પરિપત્ર અને યુનિવર્સિટીના પરિપત્રને આધારે વર્કલોડ ગણી, યુનિવર્સિટીમાં મોકલવી જેથી આંતરિક ઘર્ષણ કે મતભેદને અવકાશ ન રહે એવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને સિન્ડિકેટમાં રજૂ કરવો.

**<u>શ્રી પ્રતેશભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૧૭)** હાલમાં યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાની ઉત્તરવહી તપાસવાના મહેનતાણાના દરમાં અસમાનતા પ્રવર્તે છે. પ્રથમ, દ્વિતિય અને તૃતિય વર્ષની પરીક્ષાનું મહેનતાણું સમાન હોવુ જોઈએ કારણ કે, પરીક્ષાનો સમય – ૩ કલાક તથા માર્કસ દરેક વર્ષના સમાન છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી પ્રતેશભાઈ શાહે પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૧૮)** રાષ્ટ્ર ઉપયોગી અને સમાજ ઉપયોગી સંશોધનકાર્ય થાય તે માટે અપગ્રેડેશન પ્રોસેસમાં યુનિવર્સિટી ઉંડો રસ લે એવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**<u>શ્રી પ્રતેશભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૧૯)** એમ. એસસી. તથા રીસર્ચ સ્ટુડન્ટસની લેબોરેટરી ફી જે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવે છે. તેના બદલે જે તે કોલેજને ફાળવવી, જેથી વિદ્યાર્થીઓને સાધનો – કેમીકલ્સ પૂરતા પ્રમાણમાં તથા ઉચ્ચ ગુણવત્તાવાળા મળી શકે. એમ.એસસીના. હાયર પેઈમેન્ટ બેઠક પર એડમીશન લીધેલા વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫, ૦૦૦/– કોલેજને આપવામાં આવે છે તે ઉપરાંત આ સુધારો જરૂરી છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી પ્રતેશભાઈ શાહે પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૨૦)** સરકારશ્રીએ પ્રાધ્યાપકોની ભરતી ૧૯૯૮થી રોકી છે તે શિક્ષણ જગત માટે, વિદ્યાર્થીઓ માટે અતિનુકશાનકારક હોઈ, સ્વાયત સંસ્થા યુનિવર્સિટી શિક્ષણના હિતને અને ગરિમાને ધ્યનમાં રાખીને નવી જગ્યાઓની ભરતી જેમ બને તેમ જલ્દી થાય એવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**<u>શ્રી પ્રતેશભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૨૧)** એમ. એસસી. માં જે વિદ્યાર્થીને હાયર પેઈમેન્ટ સીટ પર એડમીશન મળ્યું હોય તેને બીજા વર્ષે કોઈ પણ સંજોગોમાં બીજા સેન્ટર પર ચેઈન્જ આપવો નહી.

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી પ્રતેશભાઈ શાહે પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૨૨)** સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં યુનિવર્સિટી સંચાલિત ડીપાર્ટમેન્ટમાં કાયમી નોનટીચીંગ સ્ટાફ હોય એવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**<u>શ્રી પ્રતેશભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

**(૨૩)** અધ્યાપકમિત્રોને યુનિવર્સિટી પર આવવા જવા અથવા પરીક્ષાના કામ અર્થે/ પી. જી.ના લેકચર લેવા માટે અન્ય ગામે જવું પડે છે ત્યારે તેમને વપરાયેલા સાધનના આધારે મુસાફરી ભથ્થું ચૂકવાય છે. (મુસાફરી ભથ્થું આપવા માટે વાહનનું વેરીફીકેશન વહીવટી કર્મચારી દ્વારા કરવામાં આવે છે જે અત્યંત અપમાનજનક છે.)

અંતરિયાળ વિસ્તારના અધ્યાપકમિત્રો કે જેમની પાસે પોતાનું વાહન નથી તે ખૂબ મુશ્કેલી તથા યાતનાઓ સહન કરી યુનિવર્સિટી પર જતા હોય છે. આ સંજોગોમાં અધ્યાપકોને વાસ્તવિક મુસાફરીના આધારે ઉચ્ચક ભથ્થું ચૂકવવું. જેથી યુનિવર્સિટીનો આર્થિક બોજ પણ હળવો બનશે. તથા કેટલીય ગેરરીતીને ટાળી શકાશે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને શ્રી પ્રતેશભાઈ શાહે પરત ખેંચ્યો હતો.

**<u>શ્રી કેતનભાઈ સી. દેસાઈએ નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે : (૨૪ થી ૨૮)</u>**

**(૨૪)** યુનિવર્સિટી કેમ્પસમાં રહેતા ટીચીંગ, નોનટીચીંગ સ્ટાફ કવાર્ટસની આજુબાજુ વખતોવખત ઘાસ કપાવવું અને સ્ટ્રીટ લાઈટ વખતોવખત મેઈન્ટેઈન કરવી એવી પ્રસ્તાવ છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને આ. ડૉ. કે.એન. ચાવડાએ ટેકો આપ્યો હતો અને પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**(૨૫)** દરેક સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં પી. એફ., સી. પી. એફ. લાગુ પાડવામાં આવે તેવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને આ. ડૉ. કે.એન. ચાવડાએ ટેકો આપ્યો હતો અને પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવામાં આવી હતી.

**(૨૬)** પેપર સેટરોને **"Out of syllabuds "** કે **" Mistake "** જેવા પ્રશ્નના નિરાકરણ માટે અભ્યાસક્રમની કોપી મોકલવી અને અગાઉના વર્ષોના પેપરોનો બેઠો ઉતારો ન કરે તેનું યુનિવર્સિટી ધ્યાન રાખે તેવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને આ. ડૉ. કે.એન. ચાવડાએ ટેકો આપ્યો હતો અને પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**(૨૭)** યુથ ફેસ્ટીવલ ડીસેમ્બરના પહેલા અઠવાડિયામાં અને યુનિવર્સિટી કેમ્પસમાં જ રાખવો એવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને આ. ડૉ. કે.એન. ચાવડાએ ટેકો આપ્યો હતો અને પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**(૨૮)** વિદ્યાર્થીઓના ભવિષ્યના હિતાર્થે તેઓના અપગ્રેડેશન માટે વર્કશોપના આયોજનો યુનિવર્સિટી તેમજ દરેક કોલેજોમાં થાય, જેવા કે, સ્પોકન ઈંગ્લીશ, કોમ્યુનીકેશન સ્કીલ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, બેઝીક કોમ્પ્યુટર વિગેરે એવી પ્રસ્તાવના છે.

:: પ્રસ્તુત પ્રસ્તાવને આ. ડૉ. કે.એન. ચાવડાએ ટેકો આપ્યો હતો અને પ્રસ્તુત પ્રસ્તાવની નોંધ લેવી.

**(૨૯)** પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ– ૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

:: ઈ.ચા. કુલસચિવ તરફથી **પરિશિષ્ટ : ' ઘ '** માં જણાવેલ અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.

**(પરિશિષ્ટ: " ઘ ")**

**(૩૦)** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને મળેલ દાનનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો અહેવાલ જાણ સારું.

:: **પરિશિષ્ટ: ' ચ '** માં જણાવ્યા મુજબ યુનિવર્સિટીને મળેલ દાનનો સિન્ડિકેટે રજૂ કરેલ અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી.

**(પરિશિષ્ટ: " ચ ")**

**હુકમથી,**

**Sd/-**

**(પ્રો. જે. આર. મહેતા)**
**કુલસચિવ**

ક્રમાંકઃ એસ–૩ (૧)/ ૫૭૫૮/ ૨૦૦૮
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા. ૩ – ૬ – ૨૦૦૮
**પ્રકાશક :** પ્રો. જે. આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.
પ્રતિ,
સેનેટના સર્વ સભ્યશ્રીઓ.........